અપીલ અરજી નં.૧૬૪/ ૦૮–૦૯ તા.૧૫–૯–૦૮

અરજદાર: શ્રી ગુલામભાઈ મેમણ
સામાવાળા: જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન

***હુકમ:–***

***વિષય :–***આરટીઆઈ એકટ હેઠળ શ્રી ગુલામભાઈ મેમણની તા.૧૪–૮–૦૮ ની અરજીથી હોળી બંગલા ચાર રસ્તા પર આવેલ વન ચાન્સની લાઈનમાં પંપીંગ સ્ટેશન તરફ જતા માર્ગ ઉપર ચાલતા બાંધકામનો સર્વે નંબર વોર્ડ નંબર જણાવવા બાબત.

***સંદર્ભ :–*** અરજદાર મજકુરની તા.૧૫–૯–'૦૮ ની અપીલ અરજી નં.૧૬૪/૨૦૦૮–૦૯

શ્રી ગુલામભાઈ મેમણની તા.૧૪–૮–૦૮ ની અરજીથી હોળી બંગલા ચાર રસ્તા પર આવેલ વન ચાન્સની લાઈનમાં પંપીંગ સ્ટેશન તરફ જતા માર્ગ ઉપર ચાલતા બાંધકામનો સર્વે નંબર વોર્ડ નંબર જણાવવા બાબતે આસી.કમિશ્નર અને જાહેર માહિતીઅધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં.સેઝોન/આ.૬૨૫ તા.૨૯–૮–૦૮ થી આપેલ માહિતી ગેરમાર્ગે દોરનાર હોવાનું જણાવી તેવા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૫–૯–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૬૭ તા.૨૦–૯–૦૮ થી આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તઓ તરફથી સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૭૯૦ તા.૩–૧૦–૦૮ થી અત્રેના વિભાગને પૂરક માહિતી મળેલ છે.

અરજદારે અપીલ અરજીમાં મુદ્દા નં.૪ અંગે પ્લાન રીન્યુ કયા વર્ષમાં કરવામાં આવેલ તેની માહિતી આપેલ નથી તથા મુદ્દા નં.૫ માં ગેરકાયદેસર બાંધકામ કેટલું ત અંગેની માહિતી અંગે અપીલ અરજી કરવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી તરફથી આપવામાં આવેલી માહિતીમાં તે સદર માહિતી અરજદારને પૂરી પડાયેલ જણાતી નથી. જાહેર માહિતી અધિકારી કક્ષાએથી મુદ્દા નં.૪ અંગે પ્લાન રીન્યુ થયેલ નહીં હોવાનું જણાયેલ છે. જેથી તે અંગે અપૂરતી માહિતીની કોઈ વિવાદ રહેતો નથી. જયારે મુદ્દા નં.૫ અંગે કેટલું ગેરકાયદેસર બાંધકામ છે? તે બાબતે માત્ર ઓ.ટી.એસ છોડેલ નહીં હોવાનું જણાયેલ છે.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૧૪–૮–૦૮ની અરજીથી માંગ્યા મુજબની માહિતી પૈકી ઉપરોકત જણાવ્યા મુજબની મુદ્દા નં. ૫ અંગે નહીં પૂરી પડાયેલી રેકર્ડ આધારીત હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટના નિયમ અને જોગવાઈને અનુસરી કલમ–૭ (૬) હેઠળ વિના મુલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને દિન–૭ માં પૂરી પાડવા જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને જણાવવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧૦ –૦૮.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***
(૧) જાહેર માહિતી અધિકારી,સેન્ટ્રલ ઝોન ..... જાણ માટે
(૨) શ્રી ગુલામ મેમણ,